RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૩૦ તા.૧૬–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૧૦–૧૧ની અરજીથી સુ.મ. ન. પા. ના સેન્ટ્રલઝોનના ઝોનલચીફ તરફથી સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં./ ૧૧૮૪ તા. ૧–૧૦–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે વોર્ડ નં. ૪ એ માં બી.પી.એમ.સી એકટ મુજબ જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થોનો પરવાનો અગાવ આપવામાં આવેલ તેને અત્રેની ઓફિસ તરફથી નિયમ મુજબ ફાયર ખાતાનુ એન.ઓ.સી. લેવા માટે નોટીસો આપવામાં આવેલ તેમજ જરીગીલીટના એકમોવાળા જવલનશીલ પદાર્થોના પરવાના વગર વપરાશ કરતા હોવાથી તેના ભંગ કરવા બદલ અત્રેથી મ્યુ.કોર્ટમાં કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ તો તમામ જરીગીલીટવાળાઓ પર જે મ્યુ. કોર્ટમાં કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ તે તમામની સર્ટીફાઈડ નકલ ફાળવવી તેમજ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૦ /૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૦–૧૦–૧૧ની અરજીથી સુ.મ.ન.પા. ના સેન્ટ્રલઝોનના ઝોનલચીફ તરફથી સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં./ ૧૧૮૪તા. ૧–૧૦–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે વોર્ડ નં. ૪ એ માં બી.પી.એમ.સી એકટ મુજબ જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થોનો પરવાનો અગાવ આપવામાં આવેલ તેને અત્રેની ઓફિસ તરફથી નિયમ મુજબ ફાયર ખાતાનુ એન.ઓ.સી. લેવા માટે નોટીસો આપવામાં આવેલ તેમજ જરીગીલીટના એકમોવાળા જવલનશીલ પદાર્થોના પરવાના વગર વપરાશ કરતા હોવાથી તેના ભંગ કરવા બદલ અત્રેથી મ્યુ.કોર્ટમાં કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ તો તમામ જરીગીલીટવાળાઓ પર જે મ્યુ. કોર્ટમાં કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ તે તમામની સર્ટીફાઈડ નકલ ફાળવવી તેમજ માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૩૯૭ તા. ૨૫–૧૦–૧૧થી મળેલ માહિતી અધૂરી તેમજ વાંચી ન શકાય તેટલી ઝાંખી નકલ પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા વાંચી શકાય તેવી નથી એ નકલો સ્પષ્ટ કરવા સાથે** અરજદારને સુવાચ્ય નકલો આપવા કોઈ પશ્ચાતવર્તી કાર્યવાહી થયેલ હોય તો તે અંગે પણ પૂર્તતા મોકલાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭૮ તા.૧–૩–૧૨ થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને ફરીયાદમાં અધિકારીની સહી નિર્દિષ્ટ હોવા છતાં નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી પરંતુ અરજદારને માહિતી પેટે દસ્તાવેજ ફી ભરવા પાઠવેલ તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ, તા.૪–૧–૧૧ ના રોજ અરજદારે ભરપાઈ કરેલ રૂ.૩૬/– ફી ની પાવતી તથા ૧૮ નકલો અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૯–૩–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૭ તા. ૨૫–૧૦–૧૧ થી " વોર્ડ નં.૪/એ ના કોર્ટ ફરીયાદ રજીસ્ટરમાં નોંધણી કરવામાં આવે છે. જેના પાના ૦૫×૦૨ = ૧૦ તથા મ્યુ. કોર્ટમાં દંડ થઈને આવેલ પેપર્સના પાના ૦૪×૦૨ = ૦૮ કુલ પાના ૧૮ ના એક પાનાના રૂ.૦૨ ના આધારે કુલ –૩૬–૦૦ રૂપિયા (અંકે રૂપિયા

છત્રીસ) ભરવાથી નકલ મેળવી શકાશે. તેવો પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે રસીદ નં.૯૨૩૦૫ તા.૦૪–૧૧–૧૧ થી રૂા.૩૬/– ભરપાઈ કરેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૭–૧૨–૧૧ ના પત્રમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.૧૩૯૭ તા.૨૫–૧૦–૧૧ ના પત્રમાં નકલ મેળવવા માટે ૩૬ રૂપિયા જમા કરવા જણાવવામાં આવેલ. જે રસીદ નં.૯૨૩૦૫ થી જમા કરાવામાં આવેલ તેમ છતાં આજ દીન સુધી મને નકલ મળેલ નથી. શા માટે. તેવું જણાવેલ છે. અરજદારના અપીલના આધાર તરીકે (૧) મે જે માહિતી જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ તે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અધૂરી તેમજ સંતોષકારક આપવામાં આવી નથી. તેવું જણાવેલ છે. અપીલ ના મુદ્દા નં.(૨) મે જે માહિતી જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ તે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/૧૩૯૭ તા.૨૫–૧૦–૧૧ થી નકલ મેળવવા માટે ૩૬ રૂપિયા જમા સુમનપામાં કહેવામાં આવેલ જે રૂપિયા મે નાગરિક સુવિધા કેન્દ્રમાં તા.૪–૧૧–૧૧ ના રોજ રસીદ નં.૯૨૩૦૫ થી જમા કરાવવા છતાં મને સમય મર્યાદામાં નકલ ન મળતાં પ્રથમ અપીલ અરજી કરેલ. તેમ છતાં નકલ ન મળતાં મૌખિક વોર્ડ ૪ એ ના આરોગ્ય નિરીક્ષક ચૌહાણ સાહેબને વારંવાર રજૂઆત કરેલ. ત્યાર બાદ મને ૧૮–૧–૧૨ ના રોજ વોર્ટ નં.૪ એ ના આરોગ્ય વિભાગના પઠાણ સાહેબે રૂબરૂ નકલ આપેલ પરંતુ આ નકલમાં કોઈ પણ અધિકારીની સહી તેમજ આઉટવર્ડ નંબર કે તારીખ પણ મારવામાં આવેલ તેમજ જે અપીલ કરવાનો અધિકાર છે તેનો પણ કોઈ જ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. અપીલના મુદ્દા નં.(૩) મે જે માહિતી માંગેલ તે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અધૂરી તેમજ વાંચી ન શકાય તેટલી ઝાંખી તેમજ નોટીસો આપવામાં આવેલ તેની પૂરેપૂરી નકલ મને ફાળવેલ નથી. અપીલના મુદ્દા નં.(૪) મે જે માહિતી માંગેલ તે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરેપૂરી મળ્યા બાદ અપીલનો હક ઉભો રાખું છું તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે તેમના તા. ૦૯–૦૩–૧૨ ના પત્રમાં નારાજગી તેમજ આધારસહ પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ જેમાં તા.૧૮–૧–૧૨ ના રોજ જે નકલ હાથો હાથ આપવામાં આવેલ છે જે નકલમાં આઉટવર્ડ તેમજ ઈન્વર્ડ નંબર પાડવામાં આવેલ નથી તેમજ કોર્ટમાં ફરીયાદ કરવા મંજુરી મેળવવાના ફોર્મ જે મને આપેલ છે જે ચાર જ છે. તે પણ ઝાંખા છે વંચાતા નથી તેમજ કોર્ટ ફરીયાદ વધારે દાખલ થયેલ હોય મારી પાસે પૈસા ભરાવામાં આવેલ હોય તેમ છતાં કોર્ટ ફરીયાદની અધૂરી નકલ ફાળવેલ છે. જે નકલ પૂરેપૂરી ફાળવવી તેમજ સર્ટીફાઈડ સહી સીકકાવાળી નકલ ફાળવવાની રજૂઆત કરેલ છે. અરજદારની અપીલ તબકકેની રજૂઆત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નાણા ભરપાઈ કર્યા મુજબની ૧૮ નકલો આપેલ છે પરંતુ તે વિલંબથી આપેલ છે તેથી પાનાની સંખ્યા બાબતે તકરાર જણાતી નથી પરંતુ માંગ્યા મુજબ પ્રમાણિત નકલો નિયત ફોર્મ સહિત પૂરા પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૨–૧૨ ધ્યાને લેતાં ૧૬–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૧–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી કોર્ટમાં ફરીયાદ કરવા મંજુરી મેળવવાના ફોર્મની પૂરી પડાયેલ નકલ અરજદારની રજૂઆત મુજબ ઝાંખી અને અવાચ્ય પૂરી પડાયેલ હોય જે વાંચી શકાય તેવી માંગ્યા મુજબ તમામ પ્રમાણિત કરેલ નકલો નિયત ફોર્મના નમુનાસહ પુનઃ પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) હેમંત એન. દેસાઈ,